પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૪૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૦૨-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### વધી ગૌતમ અદાણીની મુશ્કેલી!

## શેરમાં ૩૫ ટકાનો ઘટાડો, ધનિકોના લિસ્ટમાંથી પણ આઉટ, ડાઉ જોન્સ ઈન્ડેક્સમાંથી અદાણી એન્ટરપ્રાઈઝને હટાવી દેવામાં આવશે

મુંબઈ,

ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીની મુશ્કેલીઓ દિવસે ને દિવસે વધી રહી છે. છેલ્લા ૧૦ દિવસમાં તેમની નેટવર્થમાંથી ૫૨ બિલિયન ડોલરનું નુકસાન છે.અગાઉ વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિઓની યાદીમાં અદાણી બીજા નંબર પર હતા પરંતુ એક જ સપ્તાહમાં તે ટોચના ૨૦ની યાદીમાંથી બહાર થઈ ગયા છે. રિસર્ચ ફર્મ હિંડનબર્ગના રિપોર્ટ બાદ બગડતી સ્થિતિ બાદ હવે અમેરિકાએ પણ અદાણીને ઝટકો આપ્યો છે.





ઉલ્લેખનીય છે કે ૨૪ જાન્યુઆરીએ રિસર્ચ ફર્મ હિંડનબર્ગનો રિપોર્ટ જાહેર થયા બાદ ગૌતમ અદાણીની શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. અદાણીના શેરમાં રોજબરોજ ઘટાડો થઈ રહ્યો છે અને તેના કારણે તેની સંપત્તિમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ વર્ષે ૨૦૨૩માં અત્યાર સુધીમાં તેમને ૫૯.૨ બિલિયન ડોલરનું નુકસાન થયું છે અને તેમાંથી ૫૨ બિલિયન ડોલર માત્ર છેલ્લા ૧૦ દિવસમાં જ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગૌતમ અદાણી અમીરોની યાદીમાં ૫ સ્થાન નીચે પહોંચી ગયા છે.

હવે અમેરિકાના ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી અદાણી એન્ટરપ્રાઈઝને હટાવી દેવામાં આવી છે. અદાણી એન્ટરપ્રાઈઝને ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી બાકાત રાખવાનો નિર્ણય કંપનીના શેરમાં સતત તીવ્ર ઘટાડાને કારણે લેવામાં આવ્યો છે. હિંડનબર્ગના અહેવાલમાં અદાણી ગ્રૂપ અંગે સ્ટોક મેનીપ્યુલેશન-એકાઉન્ટિંગ ફ્રોડ સહિત વિવિધ દાવા કરવામાં આવ્યા છે. આ તમામ આરોપો પર મીડિયા સ્ટેકહોલ્ડરના વિશ્લેષણ બાદ પગલાં લેતા ઈન્ડેક્સે અદાણીની કંપનીને હટાવવાનો નિર્ણય લીધો છે. રિપોર્ટ અનુસાર તેને ૭ ફેબ્રુઆરીએ ડાઉ જોન્સમાંથી હટાવી દેવામાં આવશે.

ડાઉ જોન્સ ઈન્ડેક્સ દ્વારા અદાણી એન્ટરપ્રાઈઝને બહાર કાઢવાના નિર્ણયના સમાચારની સીધી અસર કંપનીના શેર પર જોવા મળી છે. શેરબજારમાં દિવસનો કારોબાર શરૂ થતાં જ તેમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો અને તે ૩૫ ટકા સુધી તૂટ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડના શેર ૩૫.૦૦% અથવા ૫૪૭.૮૦ ની નીચે રૂ. ૧,૦૧૭.૪૫ પર ટ્રેડ કરી રહ્યા હતા. આ ઉપરાંત અદાણી પાવર પણ શુક્રવારે નીચલી સર્કિટમાં છે અને તે ૫ ટકાના ઘટાડા બાદ રૂ. ૧૯૧.૯૫ પર ટ્રેડ કરી રહ્યો છે. અદાણી ટોટલ ગેસનો શેર પણ ૧૬૨૨.૩૫ રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે.

આ સિવાય અદાણી વિલ્મર લિમિટેડમાં પણ સવારે ૧૧ વાગ્યા સુધી નીચલી સર્કિટ છે, સમાચાર લખાય છે ત્યાં સુધી તે ૫% ઘટીને રૂ. ૩૯૯.૯૫ પર આવી ગયો છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ નીચા સર્કિટ સાથે ૧૦% ઘટીને રૂ. ૯૩૫.૯૦ થયો હતો. અદાણી ટ્રાન્સમિશન લિમિટેડ ૧૦ ટકા ઘટીને ૧,૩૯૬.૦૫ પર પહોંચ્યો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જએ અદાણી ગ્રૂપની ત્રણ કંપનીઓને એડિશનલ સર્વેલન્સ માર્જિન ફ્રેમવર્કમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. અદાણી ગ્રુપની આ ૩ કંપનીઓમાં અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ અને અંબુજા સિમેન્ટનો સમાવેશ થાય છે. એએસએમ ફ્રેમવર્કને લઈને એનએસઈએ તેની સત્તાવાર વેબસાઈટ પર માહિતી આપતા જણાવ્યું હતું કે કિંમત, વોલ્યુમની વેરીશન, સ્ટોકની વધઘટને મોનિટર કરવા માટે એડિશનલ સર્વેલન્સ માર્જિન દાખલ કરવામાં આવ્યા છે. આ સાથે જ નેશનલ સ્ટોક એક્સચેન્જે એમ પણ કહ્યું હતું કે એએસએમ હેઠળ સિક્યોરિટીઝનું શોર્ટલિસ્ટિંગ મોનિટરિંગ માટે છે અને તેને સંબંધિત એન્ટિટી સામેની કાર્યવાહી તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં.

અમેરિકાસ્થિત ઈન્વેસ્ટમેન્ટ સંશોધન કંપની હિન્ડેનબર્ગે ભારતના અગ્રગણ્ય વ્યાપાર ગ્રુપ અદાણી ગ્રુપની બિઝનેસ પ્રવૃત્તિઓ વિરુદ્ધ અહેવાલ બહાર પાડ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. અદાણી ગ્રુપ કટોકટીમાં સપડાઈ ગયું છે. સંસદના હાલ ચાલી રહેલા બજેટ સત્રમાં વિરોધપક્ષોએ આ મામલે કેન્દ્ર સરકારને ઝપટમાં લેવાની તક ઝડપી લીધી છે.પરંતુ, કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ લોકસભામાં કહ્યું કે સરકારને આ મામલામાં કોઈ લેવાદેવા નથી. જોશીએ કહ્યુ કે વિપક્ષ આ મુદ્દો એટલા માટે ઉછાળે છે કે એની પાસે ઉછાળવા જેવો બીજો કોઈ મુદ્દો નથી. અદાણી વિવાદ વિશે ચર્ચા કરવી જોઈએ એ માટે સભામોકૂફી પ્રસ્તાવની નોટિસ કોંગ્રેસના સંસદસભ્ય મણીકમ ટાગોરે લોકસભામાં આપી હતી. અદાણી વિવાદમાં સરકાર અને વિપક્ષ વચ્ચે નારાબાજી અને શોરબકોર વધી જતાં લોકસભા અને રાજ્યસભા, બંને ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. કોંગ્રેસ મહાસચીવ કે.સી.વેણુગોપાલે જણાવ્યું હતું કે કેન્દ્રની સરકાર સામાન્ય લોકોના પૈસાનો ઉપયોગ પોતાના નજીકના દોસ્તોના સમર્થન કરવા માટે કરી રહી છે એટલે કોંગ્રેસે સોમવારે એલઆઈસી અને એસબીઆઈ કાર્યાલયોની સામે દેશભરના જિલ્લામાં રાષ્ટ્ર ભારત આંદોલન કરવાનો ફેસલો કર્યો છે. કોંગ્રેસ મહાસચીવ કે.સી.વેણુગોપાલે જણાવ્યુ હતુ કે, મારી ૬ ફેબ્રુઆરીએ બધા જિલ્લામાં જીવન વિમા નિગમના કાર્યાલયો અને એસબીઆઈ બેંકની શાખાઓ સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે.

## અમૂલે દૂધના ભાવમાં તોતિંગ વધારો કર્યો, ભાવમાં પ્રતિ લિટર રૂ.૩નો વધારો કર્યો છે

અમદાવાદ,

પ્રજા પર મોંઘવારીનો વધુ એક માર ઝીંકાયો છે. અમૂલ દ્વારા દૂધના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા જાહેરાત કરવામાં આવી કે, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૩નો વધારો કર્યો છે. જોકે, આ ભાવવધારો ગુજરાત સિવાયના રાજ્યોમાં લાગુ પડશે. આ ભાવ વધારો ગુજરાતમાં લાગુ નહિ થાય.

અમૂલે દૂધના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટરે ૩ રૂપિયાનો વધારો કર્યો છે. અમૂલ તાજાનો




લીટરનો ભાવ વધીને ૫૪ રૂપિયાએ પહોચ્યો છે. તો અમૂલ ગોલ્ડનો લીટરનો ભાવ વધીને ૬૬ રૂપિયાએ પહોંચ્યો છે. આમ, અમૂલે અમૂલ પાઉચ મિલ્ક (તમામ વેરિઅન્ટ) ભાવમાં પ્રતિ લિટર રૂ. ૩નો વધારો કર્યો છે.

નાગરિકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગે તેવા સમાચાર શુક્રવારે સવારે અમૂલે આપ્યા છે. અમૂલે દૂધના ભાવમાં વધારો કર્યો છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડે શુક્રવારે માહિતી આપી કે, દરેક પ્રકારના પાઉચવાળા દૂધની કિંમતમાં ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દૂધના નવા ભાવ ૩ ફેબ્રુઆરીથી લાગુ થશે. કંપનીના નિવેદન અનુસાર અમૂલ તાજા અડધો લીટર દૂધ ૨૭ રૂપિયામાં મળશે. જ્યારે કે તેના ૧ લિટર પેકેટની કિંમત ૫૪ રૂપિયા થશે.

અમૂલ ગોલ્ડ એટલે કે ફુલ ક્રીમ દૂધનું અડધો લીટર પેકેટ હવે ૩૩ રૂપિયામાં મળશે, જ્યારે કે તેનું ૧ લીટર માટે ૬૬ રૂપિયા આપવા પડશે.

અમૂલ ગાય એટલે કે અમૂલ કાઉ મિલ્કની અડધો લીટરની કિંમત ૨૮ રૂપિયા કરાઈ છે, જ્યારે કે તેના ૧ લિટર માટે ૫૬ રૂપિયા ચૂકવવા પડશે.

અમૂલ ૨ બફેલો મિલ્કની અડધા લિટર કિંમત ૩૫ રૂપિયા થશે, તો તેની એક લીટરની કિંમત ૭૦ રૂપિયા કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧ ડિસેમ્બરના રોજ દૂધ વિક્રેતા કંપની મધર ડેરીએ દિલ્હી-એનસીઆર વિસ્તારમાં વેચાતા દૂધના ભાવમાં ૨ રૂપિયાનો વધારો કર્યો હતો. મધર ડેરીએ ગત વર્ષે પાંચ વાર દૂધના ભાવમાં વધારો ઝીંક્યો હતો. ત્યારે હવે નવા વર્ષમાં અમૂલે ભાવ વધારો કરીને ગ્રાહકોને ચોંકવ્યા છે.

### મોટો નિર્ણય લેવા અંગે મજબૂર ન કરો

## સુપ્રીમની નિરાશા જોઈને કેન્દ્રએ કહ્યું - જજની નિમણૂક ૫ દિવસમાં થઈ જશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં ૫ જજની નિમણૂક માટે કેન્દ્રને મોકલવામાં આવેલી ભલામણ આગામી પાંચ દિવસમાં મંજૂર થઈ જશે. કેન્દ્ર સરકારે પોતાના એફિડેવિટમાં સુપ્રીમ કોર્ટને આ જવાબ આપ્યો છે. તેમનો આ જવાબ સુપ્રીમ કોર્ટની નિરાશા પછી આવ્યો છે.

જોકે, એડવોકેટ એસોસિએશન બેંગ્લુરુએ આ મામલે કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરી હતી. શુક્રવારે તેના ઉપર સુનવણી થઈ. કોર્ટે હાઈકોર્ટ જજનું ટ્રાન્સફર કરી સુપ્રીમ કોર્ટમાં નિમણૂક કરવાની ભલામણને મંજૂરી આપવામાં મોડું થઈ રહ્યું છે તેના અંગે નિરાશા વ્યક્ત કરી છે. કોર્ટે સરકારને કહ્યુ આ ખૂબ જ ગંભીર મામલો છે. અમને આવું સ્ટેન્ડ લેવા અંગે મજબૂર ન કરો, જેનાથી પરેશાની થાય. કેસની આગામી સુનવણી ૧૩ ફેબ્રુઆરીએ થશે.



સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૧૩ ડિસેમ્બરના રોજ સરકાર પાસે ૫ નામની ભલામણ કરી હતી. જેમાં જસ્ટિસ પંકજ મિથક ચીફ જસ્ટિસ રાજસ્થાન હાઈકોર્ટ, જસ્ટિસ સંજય કરોલ ચીફ જસ્ટિસ પટના હાઈકોર્ટ જસ્ટિસ પી વી સંજય કુમાર ચીફ જસ્ટિસ મણિપુર હાઈકોર્ટ પટના હાઈકોર્ટના જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઈલાહાબાદ HCના જસ્ટિસ મનોજ મિશ્રાના નામ પણ સામેલ હતાં.

સુનવણી દરમિયાન અટૉર્ની જનરલ આર વેંકટરમણીએ જસ્ટિસ એસકે કોલ અને એએસ ઓકાની બેન્ચને જણાવ્યું કે ૫ જજની નિમણૂકનું વોરન્ટ જલ્દી જ બહાર પડશે. સુપ્રીમ કોર્ટે જજની સેક્શન સ્ટ્રેન્થ સીજેઆઈ સહિત ૩૪ ની છે. હાલ ૨૭ જજ સાથે કામ થઈ રહ્યું છે. પાંચ જજના શપથ લીધા પછી આ સંખ્યા વધીને ૩૨ થઈ જશે.


જે કોલેજિયમ ઉપર આ સંપૂર્ણ વિવાદ થઈ રહ્યો છે, તે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જજની નિમણૂક અને ટ્રાન્સફરની પ્રણાલી છે. કોલેજિયમના સભ્ય જજ જ હોય છે. તેઓ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને નવા જજની નિમણૂક માટે નામનું સૂચન મોકલે છે. મંજૂરી મળ્યા પછી જજને અપોઈન્ટ કરવામાં આવે છે. દેશમાં કોલેજિયમ સિસ્ટમ વર્ષ ૧૯૯૩માં લાગૂ થઈ હતી. કોલેજિયમમાં ૫ સભ્ય હોય છે. સીજેઆઈ તેના પ્રમુખ હોય છે. આ સિવાય ૪ મોસ્ટ સીનિયર જજ હોય છે. હાલ તેમાં ૬ જજ છે. ૧૬ જાન્યુઆરીએ કાયદા મંત્રી કિરેન રિજિજુએ સીજેઆઈને લેટર લખીને કોલેજિયમમાં પોતાનું પ્રતિનિધિત્વ સામેલ કરવાની વાત કહી હતી. કેન્દ્રના સ્ટેન્ડનો જવાબ આપવા માટે ઝર્લેની આગેવાની હેઠળની કોલેજિયમે નિર્ણય કર્યો કે આ વખતે સમગ્ર મામલો જાહેર કરવામાં આવે.

## ઊંઝાના મક્તુપુર પાસે શંકાસ્પદ ડુપ્લિકેટ જીરું બનાવતી ફેક્ટરી ઝડપાઈ

મહેસાણા,

ભારતમાં અનેક વસ્તુઓ ડુપ્લિકેટ બનતી હોવાની માહિતી પ્રાપ્ત થતી હોય છે. પરંતુ ખાસ ખાદ્ય પદાર્થોમાં ડુપ્લીકેટ બનાવવું અને સ્વાસ્થ્ય સાથે ચેડા કરવા એ ખૂબ ગંભીર બાબત ગણી શકાય છે, ત્યારે આજે મહેસાણા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ઊંઘતું ઝડપાયું હોય તે પ્રકારના દ્રશ્યો સામે આવ્યા છે. ઊંઝાના મક્તુપુર પાસે શંકાસ્પદ ડુપ્લિકેટ જીરું બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. ડુપ્લિકેટ જીરું બનાવવા માટે કેટલાક કેમિકલ, ગોળ તેમજ અન્ય પદાર્થો પણ સ્થળ ઉપર મોટી માત્રામાં જથ્થો મળી આવ્યો છે. જે સ્વાથ્ય સાથે નુકશાન પહોંચાડી શકે તેવા પદાર્થો ઉપયોગમાં લેવાતા હોવાનું સામે આવી રહ્યું છે. ઉંઝાના મકતુપુરમાં નકલી જીરું બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. હલકી ગુણવત્તાવાળી વરિયાળીમાંથી જીરુ બનાવાતું હતું. વરિયાળી ઉપર કાળો પાવડર અને ગોળનું કોટીંગ ચડાવાતુ હતું. રૂપિયા ૯૯૪૯૦ નો મુદ્દામાલ સીઝ કરી સેમ્પલ લેબમાં મોકલાયા છે. તેમજ ૫૦૦ કિલો ગોળની રસી સ્થળ પર નાશ કરાઈ છે. પટેલ ધર્મેન્દ્ર અંબાલાલ ઉર્ફે ધમોનું આ ગોડાઉન હોવાનુ તપાસમાં ખૂલ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ગોડાઉનને સીલ કરીને કાર્યવાહી કરી છે. ઊંઝાની આજુબાજુ અનેક આવી ફેક્ટરીઓ છે અને ફેક્ટરીઓ ધમધમી રહી છે, જ્યાં અનેકવાર આવું ડુપ્લિકેટ જીરું બનાવતી હોવાની માહિતી મળી રહી છે અને ફેક્ટરીઓ ઝડપાઈ પણ છે. તેમ છતાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની રહેમ નજર હેઠળ આજે વધુ એક ડુપ્લિકેટ જીરું બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. હાલમાં ડુપ્લિકેટ જીરું બનાવતા લોકો ભાગી જવામાં સફળ થયા છે. ત્યારે સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી આવી ફેક્ટરીઓ સામે ફૂડ વિભાગની કામગીરી સામે સવાલો પણ ઊભા થયા છે. ફૂડ વિભાગ ધ્વારા દરેક મટીરીયલ ના સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગિરનાર પર્વત પર ગંદકી મુદ્દે હાઈકોર્ટે જૂનાગઢ મનપાને ફટકારી નોટિસ



જૂનાગઢ,

જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ગંદકી મુદ્દે હાઈકોર્ટમાં પિટિશન દાખલ થઈ છે, જેના પર સુનાવણી દરમિયાન કોર્ટે આદેશ આપ્યો કે ગિરનાર પર્વત પર તત્કાલ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે. જેમાં પ્લાસ્ટિક સહિતની ગંદકીની તાત્કાલ સફાઈ કરવા હાઈકોર્ટે આદેશ કરવામાં આવ્યો છે. સરકારે હાઈકોર્ટને ઠપકો આપતા કહ્યું કે તમારે શબરીમાલા અને વૈષ્ણોદેવી મંદિરની સ્વચ્છતા જોઈને બોધપાઠ લેવો જોઈએ. આ સાથે હાઈકોર્ટે એ પણ જણાવ્યું કે સ્વચ્છતા મુદ્દે બાંધછોડ ચલાવી લેવાય નહીં. હાઈકોર્ટે ચીફ સેક્રેટરી, જૂનાગઢ મનપા અને જૂનાગઢ કલેક્ટરને નોટિસ ફટકારી છે. આ કેસમાં હાઈકોર્ટમાં પિટીશન દાખલ થઈ હતી.જેમાં પ્રાકૃતિક સ્થળો પર પ્લાસ્ટિકથી ફેલાતી ગંદકીને કારણે નુકસાન થતુ હોવાની રજૂઆત કરાઈ હતી. જેમાં ગિરનાર પરના અંબાજી મંદિર તેમજ દત્તાત્રેય મંદિરની આસપાસ વધુ ગંદકી હોવાની રજૂઆત કરાઈ હતી. તેને તાત્કાલીક ધોરણે ગંદકી દૂર કરવા અંગે સૂચના આપવામાં આવી છે.

## NIAને મુંબઈમાં આતંકવાદી હુમલાની ધમકી આપતો મેલ મળ્યો, સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર

મુંબઈ,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને એક ઈમેલ મળ્યો છે જેમાં ધમકી આપવામાં આવી છે કે મુંબઈમાં આતંકવાદી હુમલો થવાનો છે. સૂત્રોએ જણાવ્યું કે આ મેઈલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના ઈમેલ આઈડી પર મળ્યો હતો, ત્યારબાદ દેશના અલગ-અલગ શહેરોને એલર્ટ કરવામાં આવ્યા છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મુંબઈ પોલીસને આ માહિતી આપી છે.

ઈ-મેઈલ કરનારે પોતાને તાલિબાન ગણાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તાલિબાન સંગઠનના મુખ્ય નેતા સિરાજુદ્દીન હક્કાનીના આદેશ પર આવું થવા જઈ રહ્યું છે. આ ઈમેલ બાદ અન્ય એજન્સીઓની સાથે મુંબઈ પોલીસ પણ તપાસમાં લાગી ગઈ છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા મુંબઈ પોલીસને આપવામાં આવેલા ઈનપુટ બાદ પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે. મુંબઈ પોલીસે જાહેર સ્થળો, એરપોર્ટ, રેલ્વે સ્ટેશન સહિત અનેક સ્થળોએ તપાસ સાથે સુરક્ષા કડક કરી છે. જણાવવું રહ્યું કે પીએફઆઈ સાથે સંકળાયેલો એક આતંકવાદી પણ મુંબઈથી ઝડપાયા બાદ ઘણી વિગતો સામે આવી રહી છે કે જેમાં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાની યોજના તૈયાર છે. ક્યારે અને શું કામ કરવાનું છે, તેની સંપૂર્ણ વિગતો સાથે દસ્તાવેજો તૈયાર છે. આ દસ્તાવેજનું નામ 'ઓપરેશન બુકલેટ' છે. આ પુસ્તિકામાં અંજામ આપવા માટેના ખતરનાક કાવતરાને નામ આપવામાં આવ્યું છે- 'હજાર કટ દ્વારા ૩૬૫ દિવસ.' મુંબઈમાં ધરપકડ કરાયેલ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા સાથે સંકળાયેલ વ્યક્તિ પાસેથી આ ખતરનાક દસ્તાવેજ મળી આવ્યો છે. મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્કવોડ-એટીએસની ચાર્જશીટમાં તેનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ખતરનાક દસ્તાવેજમાં પ્રવિણ તોગડિયા, સુબ્રમણ્યમ સ્વામી, ગિરિરાજ સિંહ, યોગી આદિત્યનાથ, સાધ્વી નિરંજન જ્યોતિ, સાધ્વી પ્રાચી, સાક્ષી મહારાજ, સંજય રાઉત જેવા નેતાઓના નિવેદનો પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. દસ્તાવેજમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે દેશમાં લવ જેહાદ વિરુદ્ધ અભિયાન અને ઘર વાપસીનો કાર્યક્રમ ચલાવીને લોકોને મુસ્લિમો વિરુદ્ધ કરવામાં આવી રહ્યા છે. આ બધાનો સામનો કરવા માટે ૧૯૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર કેવી રીતે બનાવવું તેનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## BBC ડોક્યુમેન્ટ્રી વિવાદ મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ, ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો : હવે એપ્રિલમાં સુનાવણી

નવીદિલ્હી,

૨૦૦૨ના ગુજરાત રમખાણોને લગતી બીબીસી ડોક્યુમેન્ટરીને સેન્સર કરવાનું રોકવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટિસ પાઠવી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસેથી ત્રણ સપ્તાહમાં જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને બીબીસીની ડોક્યુમેન્ટ્રી 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન'ને બ્લોક કરવાના તેના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજૂ કરવા કહ્યું છે. અગાઉ, વરિષ્ઠ પત્રકાર એન રામ, ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા અને એડવોકેટ પ્રશાંત ભૂષણ તરફથી વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આ એક એવો કેસ છે જ્યાં જાહેર ડોમેનમાં આદેશો વિના કટોકટી સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે ડોક્યુમેન્ટ્રીની લિંક શેર કરતી ટ્વીટ્સને બ્લોક કરી દેવામાં આવી છે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે સરકારને આ સંબંધિત આદેશ દાખલ કરવા કહી રહ્યા છીએ અને તેની તપાસ કરીશું. તે જ સમયે, સર્વોચ્ચ અદાલતે ૩૦ જાન્યુઆરીએ કહ્યું હતું કે તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ૨૦૦૨ના ગુજરાત રમખાણો પરની વિવાદાસ્પદ બીબીસી દસ્તાવેજી પર પ્રતિબંધ મૂકવાના કેન્દ્રના નિર્ણયને પડકારતી અરજીઓ પર આગામી સોમવારે સુનાવણી કરશે. જણાવવાનું કે ૨૧ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારે બીબીસીની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટ્રી "ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન" પર દેશમાં પ્રતિબંધ લગાવી દીધો હતો. જો કે, ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થી સંગઠનોએ ડોક્યુમેન્ટરીના સ્ક્રીનીંગને લઈને હોબાળો મચાવ્યો હતો, જેના કારણે વિવાદ થયો હતો. કેન્દ્રીય કાયદા મંત્રીએ સુપ્રીમ કોર્ટમાં બીબીસી દસ્તાવેજી પ્રતિબંધ સામે દાખલ કરાયેલી અરજીઓ પર નિંદાત્મક ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતુ કે આ રીતે આ લોકો માનનીય સુપ્રીમ કોર્ટનો કિંમતી સમય બગાડે છે જ્યાં હજારો સામાન્ય નાગરિકો ન્યાય માટે તારીખોની રાહ જોઈ રહ્યા છે. બ્રિટિશ બ્રોડકાસ્ટર BBC એ ભારતઃ ધ મોદી ક્વેશ્ચન નામની નવી બે ભાગની શ્રેણી બનાવી છે. જેમાં પીએમ મોદીના પ્રારંભિક તબક્કાના રાજકીય પ્રવાસની વાત કરવામાં આવી છે. આ સાથે જ તેમનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેનું જોડાણ, ભાજપમાં તેમનું વધતું કદ અને ગુજરાતના મુખ્યપ્રધાન તરીકેની તેમની નિમણૂકની પણ તેમાં ચર્ચા કરવામાં આવી છે. તેમાં મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં થયેલા રમખાણોનો પણ ઉલ્લેખ છે. આ ભાગ ગુજરાત રમખાણોમાં પીએમ મોદીની કથિત ભૂમિકા વિશે વાત કરે છે. આ અંગે વિવાદ ચાલી રહ્યો છે.

## અબુ ધાબીમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટમાં આગ લાગી, ઈમરજન્સી લેન્ડિંગ

નવીદિલ્હી,

અબુધાબીમાં શુક્રવારે એક મોટી દુર્ઘટના ટળી છે. વાસ્તવમાં, અબુ ધાબીથી કાલિકટ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટના એન્જિનમાં અચાનક જ આગ લાગી ગઈ હતી, જેના પછી હંગામો થયો હતો અને તેને તાત્કાલિક અસરથી અબુ ધાબી પરત કરવામાં આવી હતી, જ્યાં તેનું એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ માહિતી શુક્રવારે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે આપી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસે જણાવ્યું કે પ્લેન સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું છે અને તમામ મુસાફરો સુરક્ષિત છે. ડીજીસીએના જણાવ્યા અનુસાર જ્યારે



ફ્લાઈટ ટેકઓફ થઈ ત્યારે તેમાં ૧૮૪ મુસાફરો સવાર હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું હતું કે, "ટેક-ઓફ અને ૧,૦૦૦ ફૂટની ઉંચાઈએ પહોંચ્યા પછી તરત જ, પાયલટને એન્જિનમાં આગ લાગી, જેના પગલે તેણે અબુ ધાબી એરપોર્ટ પર પાછા ફરવાનું નક્કી કર્યું."

DGCAએ જણાવ્યું કે એર ઈન્ડિયા એક્સપ્રેસ મ્૭૩૭-૮૦૦ એરક્રાફ્ટ અબુ ધાબી એરપોર્ટ પર મિડ એર ફાયરને કારણે પરત ફર્યું હતું. ડીજીસીએએ કહ્યું, "એર ઈન્ડિયા એક્સપ્રેસ બી ૭૩૭-૮૦૦ એરક્રાફ્ટ વીટી એવાયસી ઓપરેટિંગ ફ્લાઈટ IX ૩૪૮ ૧૦૦૦ ફૂટની ઉંચાઈએ એન્જિનમાં આગ લાગવાને કારણે એર ટર્નબેક થયું હતું." અગાઉ ૨૩ જાન્યુઆરીએ એર ઈન્ડિયાની ફ્લાઈટ ત્રિવેન્દ્રમથી મસ્કત જઈ રહી હતી. ત્રિવેન્દ્રમથી મસ્કત જતી ફ્લાઈટ, અધિકારીઓએ જણાવ્યું હતું.એક ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ ટેક-ઓફના ૪૫ મિનિટ પછી ટેક્નિકલ ખામીને કારણે પાછી આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ફ્લાઈટ મેનેજમેન્ટ સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. "ફ્લાઈટ ત્રિવેન્દ્રમથી સવારે ૮.૩૦ વાગ્યે ઉપડી અને સવારે ૯.૧૭ વાગ્યે પાછી આવી," તેમણે કહ્યું. ડિસેમ્બર ૨૦૨૨માં દુબઈ જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં એક સાપ જોવા મળ્યો હતો. કાલિકટથી દુબઈ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની બોઈંગ બી-૭૩૭ ફ્લાઈટ સમયપત્રક મુજબ ઉડાન ભરી હતી અને દુબઈ એરપોર્ટ પર ઉતર્યા બાદ સ્ટાફે એરક્રાફ્ટમાં સાપ હોવાની માહિતી આપી હતી. DGCAએ ઘટના અંગે વિગતવાર તપાસના આદેશ આપ્યા હતા.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૩ ફેબ્રુઆરી અને તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૨ ફેબ્રુઆરના રોજ યોજાશે

મહિસાગર,
મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકા માટે જાન્યુઆરી–૨૦૨૩ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૦૨/૨૦૨૩ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૨/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે જાન્યુઆરી –૨૦૨૩ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ –૧ કક્ષાના અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે,

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી ‘‘મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી’’ તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૨/૨૦૨૩ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. તેમ નિવાસી અધિક કલેકટર મહિસાગર–લુણાવાડાની અખબારી યાદીમા જણાવેલ છે.

## મહિસાગર જિલ્લામાં મોટરવાહનના બાકી રોડ ટેક્ષ ભરપાઈ કરવા તેમજ રજીસ્ટ્રેશન રદ કે નામફેરની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું

મહિસાગર,
સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, લુણાવાડાની અખબાર યાદી જણાવ્યા મુજબ એ.આર.ટી.ઓ., મહીસાગરના કાર્યક્ષેત્રમાં A–કેટેગરી (રૂ.૧,૦૦,૦૦૦/–થી વધુ (અંકે રૂપિયા એક લાખથી વધુ) રોડ ટેક્ષ બાકી હોય તેવા મોટરવાહન) ની તાલુકાવાઈઝ સંખ્યા અનુક્રમે સંતરામપુરમાં ૫ (પાંચ), લુણાવાડામાં ૧૨ (બાર), કડાણામાં ૨ (બે), ખાનપુરમાં ૧ (એક) અને વીરપુરમાં ૨ (બે) છે.

ગુજરાત મોટરવાહન અધિનિયમ– ૧૯૫૮ તેમજ તે અંતર્ગત બનેલા નિયમો મુજબ બાકી રહેલ રોડ ટેક્ષ પર દર માસે ૧.૫% વ્યાજ લેવા પાત્ર થાય છે. એ.આર.ટી.ઓ., મહીસાગરનાં કાર્યક્ષેત્રમાં હોય જેમાં મોટરવાહન સ્કેપ થયેલ હોય તેવા ૦૨ મોટરવાહન તેમજ મોટરવાહન વેચાણ આપેલ હોઈ તેવા ૦૮ મોટરવાહન છે. જેથી આવા તેમજ રોડ ટેક્ષ ભરવાનો બાકી હોય તેવા તમામ મોટરવાહન માલિકને બાકી રોડ ટેક્ષ તાત્કાલિક ભરપાઈ કરવા તેમજ રજીસ્ટ્રેશન રદ કે નામફેરની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. આગામી દિવસોમાં બાકી રહેલ મોટરવાહન રોડ ટેક્ષ સબંધિત મોટરવાહન માલિકની પ્રોપર્ટી પર બોજો નાખવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેની તમામ મોટરીંગ પબ્લિકે નોંધ લેવી.

## સંતરામપુરના તલાદરાના આરોપીએ સગીરાને ભગાડી લઈ યૌનશોષણ કરવાના પોકસો ગુન્હામાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી પોકસો કોર્ટ

લુણાવાડા,
સંતરામપુર તાલુકાના આરોપીએ લુણાવાડા તાલુકાની સગીરાનું પટાવી ફોસલાવી ભગાડી જઈ યૌનશોષણ કરેલ આ બાબતે લુણાવાડા પોલીસ મથકે પોકસો એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. તે કેસ પોકસો કોર્ટમાં ચાલી જતાં ૨૦ વર્ષથી કેદની સજા ફટકારવામાં આવી.

મહિસાગર જીલ્લાના સંતરામપુરના તલાદરા ગામના આરોપી ઈસમ મહિનભાઈ શંકરભાઈ ખાંટ એ ૨૦૨૧ના વર્ષમાં લુણાવાડા તાલુકાની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જઈ યૌનશોષણ કરેલ હોય આ બાબતે લુણાવાડા પોલીસ મથકે પોકસો એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. તે કેસ મહિસાગર એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ જે.સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સ્પે.પોકસો જજ મમતાબેન એમ.પટેલ દ્વારા આવા ગુન્હાઓ અટકાવવા માટે દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો હતો. જેમાં આરોપી મહિનભાઈ ખાંટને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવામાં આવ્યો અને ભોગ બનનારને કાનુની સેવા સતા મંડળને ત્રણ લાખનું વળતર ચુકવવાનો આદેશ કરાયો.

## હાલોલના મોટી ઉભરવાન ગામે ખેતરમાં પાણીની મોટર ચાલુ કરવા ગયેલ યુવકનું કરંટ લાગતાં મોત



હાલોલ,
હાલોલ તાલુકાના શિવરાજપુર નજીક આવેલા મોટી ઉભરવાન ગામે ખેતરમાં પાણી મુકવા માટે મોટર ચાલુ કરવા ગયેલા ખેડૂતના પુત્રનું વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હતું. ખેતીના વીજ જોડાણની લાઇનના બોર્ડ ઉપર મોટરની સ્વીચ ચાલુ કરવા ગયેલા ખેડૂત પુત્રને અચાનક તેમાંથી કરંટ લાગી ગયો હતો. જેથી તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. પાવાગઢ પોલીસે યુવકના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ લાવી પીએમ પ્રક્રિયા હાથ ધરી હતી.

હાલોલ તાલુકાના મોટી ઉભરવાન ગામે ગત સાંજે વીજ કરંટ લાગતાં એક યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. ગામના ગૌચર ફળિયામાં રહેતા મોતીભાઈ રાઠવાના ખેતરમાં પાણી મુકવાનું હોવાથી તેઓનો ૨૬ વર્ષનો પુત્ર વિક્રમ રાઠવા પાણીની મોટર ચાલુ કરવા માટે ગયો હતો. મધ્ય ગુજરાત વીજ કંપનીના ખેતીના વીજ જોડાણના મેઈન બોર્ડ ઉપરની સ્વીચ ચાલુ કરવા જતાં વિક્રમને વીજ કરંટ લાગતા તે જમીન ઉપર પટકાયો હતો. ઘરે બેઠેલી તેની માતા રાયલીબેને આ દ્રશ્ય જોતા બુમાં બુમ કરી હતી અને આસપાસના લોકો સ્થળ ઘટના પર દોડી આવ્યા હતા.

ઘટના સ્થળે તબીબે યુવકને મૃત જાહેર કર્યો વીજ કરંટ લાગતા વિક્રમના હાથ અને અડધું શરીર કાળું પડી ગયું હતું. ગામના લોકોએ તત્કાલિત ૧૦૮ નંબર ઉપર ફોન કરતા એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને તેમાં હાજર તબીબે વિક્રમને મૃત જાહેર કર્યો હતો. જે જાણી ખેડૂતના પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. ૨૬ વર્ષીય વિક્રમના લગ્ન એકાદ–૨ વર્ષ પહેલાં જ સવાપુરા ગામે થયા હતા. ગામલોકોએ પાવાગઢ પોલીસ મથકમાં જાણ કરતા મોડી સાંજે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વિક્રમના મૃતદેહને પીએમ માટે રાત્રે હાલોલ રેફરલ ખાતે લાવવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતોને ખેતીના વીજ જોડાણોમાં દિવસે વીજ પુરવઠો આપવાની ચૂંટણી પહેલાની સરકારી જાહેરાત છતાં હજી ઘણા વિસ્તારોમાં રાત્રે વીજ પ્રવાહ આપવામાં આવી રહ્યો છે. દિવસે આપવામાં આવતી વીજળીમાં પણ ખેડૂતો જીવના જોખમે ખેતી કરતા હોય છે અને આવા અકસ્માતોમાં લોકો પોતાના વહાલસોયાને ગુમાવતા હોય છે. ત્યારે જે વિસ્તારોમાં રાત્રે વીજ પ્રવાહ આપવામાં આવે છે. તે ખેડૂતો કેવા જોખમો સાથે ખેતી કરતા હશે તે કલ્પના કરવી રહી. દિવસે આવા અકસ્માતો થાય છે તો રાત્રી અંધારામાં ખેતરોમાં પાણી મુકવા જતા ખેડૂતો માચીસ સળગાવી કે બેટરીના પ્રકાશે આજ કામ કરવા પડતા હોય છે. હાલોલના અનેક ગામડાઓમાં હજી ખેડૂતો દિવસે વીજળી મળે તેવી માગ કરી રહ્યા છે. મોટી ઉભરવાન ગામે બનેલી ઘટના પછી ખેડૂતોમાં ખેતીકામને લઈ ચિંતા ઉભી થઇ છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પેપર લીક કેસમાં પરીક્ષા વિભાગ સાથે સંકળાયેલા લોકોના નિવેદન લેવાયા, જીગર ભટ્ટની ગમે ત્યારે થઈ શકે છે ધરપકડ

રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પેપર લીક કેસમાં હવે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ગાંધીગ્રામ પોલીસે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ સાથે સંકળાયેલા લોકોના નિવેદનો લેવાની શરૂઆત કરી છે. યુનિવર્સિટીના કુલપતિએ આક્ષેપ કર્યો હતો કે B.COM અને BBAનું પેપર એચ.એન.શુક્લ કૉલેજમાંથી ફૂટ્યું હતું. જેને લઈ યુનિવર્સિટીએ એચ.એન.શુક્લ કૉલેજના કર્મચારી જીગર ભટ્ટ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ પુરાવા એકત્ર કર્યા બાદ તેની ધરપકડ કરે તેવી શક્યતા છે, તો બીજીતરફ એચ.એન.શુક્લ કૉલેજના સંચાલક અને કોર્પોરેટર નેહલ શુક્લએ કૉલેજ પરના તમામ આરોપો ફગાવી દીધા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બીબીએ-બી.કોમના પેપર લીક કૌભાંડમાં હવે એચ.એન.શુક્લ કોલેજના ટ્રસ્ટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો આમને સામને આવી ગયા છે. એચ.એન.શુક્લ કોલેજના ટ્રસ્ટી નેહલ શુક્લએ યુનિવર્સિટીના સત્તાધીશો પર ગંભીર આરોપ મૂક્યા છે. નેહલ શુક્લએ આક્ષેપ કર્યો છે કે યુનિવર્સિટીના સત્તાધીશોએ જ પેપર લીક કર્યા છે.

એચ.એન.શુક્લ કોલેજ પાસેથી યુનિવર્સિટીમાં વીડીયો રેકોર્ડિંગ સાથે પેપર લઈ જવાયા હતા. તેમણે એવો પણ દાવો કર્યો કે સિન્ડીકેટની મંજૂરી વિના નિયમ વિરુદ્ધ પ્રશ્નપત્ર રિસીવીંગ સેન્ટરને ફાળવાયા હતા. એટલું જ નહીં રૂપિયાના ભાગ પાડી પેપર લીક કરાયાનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે. નેહલ શુક્લએ ઈન્ચાર્જ કુલપતિ ગીરીશ ભીમાણી પર આરોપ મૂક્યો છે કે તેમણે પરીક્ષા વિભાગને ખોખલું કરવાનું કામ કર્યું છે અને પરીક્ષા વિભાગને માત્ર પરિણામ પુરતો સિમીત કરી નાખ્યો છે. નેહલ શુક્લનો દાવો છે કે એચ.એન. શુક્લ કોલેજને બદનામ કરવાનું ષડયંત્ર છે. નેહલ શુક્લ ઈન્ચાર્જ કુલપતિ સામે રૂ.૬ કરોડ અને રજીસ્ટ્રાર સામે રૂપિયા ૫ કરોડના બદનક્ષીનો દાવો કરશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પેપરલીક કાંડમાં આખરે ૧૧૧ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મહત્વનું છે કે ૧૨ ઓક્ટોબરના રોજ મ્મ્છ અને બી.કોમના રોજ પેપર ફૂટ્યું હતું. બંને પરીક્ષાના પેપર સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. યુનિવર્સિટીના રજીસ્ટ્રારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જીગર ભટ્ટ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. જીગર ભટ્ટ એચ.એન.શુક્લ કૉલેજનો કર્મચારી છે. આ જ કૉલેજમાંથી પેપર ફૂટ્યું હતું. આ કૉલેજ ભાજપના કોર્પોરેટર અને આગેવાન નેહલ શુક્લની છે. જેના પર આરોપ છે તે જીગર ભટ્ટ કોર્પોરેટર નેહલનો અંગત મદદનીશ પણ છે. જોકે નેહલ શુક્લ પોતાની કૉલેજમાંથી પેપર ન ફૂટ્યું હોવાનો દાવો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે રાજકીય કિન્નાખોરી રાખીને આ આક્ષેપ લગાડવામાં આવ્યા છે.

## ડાકોરમાં ૧૯ વર્ષ પહેલાં મંદિરની આસપાસ ૫૫થી વધુ દુકાનો તોડી હતી તે મામલો ફરી ચર્ચામાં

નડિયાદ,
ખેડા જિલ્લાના પવિત્ર યાત્રાધામ ડાકોરમાં મંદિરની આસપાસ વર્ષો અગાઉ ડીમોલેશનમા તૂટેલી દુકાનોનો મામલો ફરી ચર્ચામાં આવ્યો છે. જગ્યા પાછી મેળવવા દુકાનદારોઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. પરંતુ આમ છતાં પણ આજ દિન સુધી જગ્યા પાછી મળી નથી કે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન કરતાં દુકાનદારોએ તંત્ર અને સરકાર સામે નારજગી દર્શાવી છે. જિલ્લાના પવિત્ર યાત્રાધામ ડાકોરમાં લગભગ વર્ષ ૨૦૦૩મા મંદિરની આસપાસ આવેલી આશરે ૫૫થી વધુ દુકાનોનો મામલો ઘેરો બન્યો હતો અને પછીના સમયગાળામાં આ દુકાનોને તંત્ર દ્વારા તોડી પાડી હતી. જોકે આ બાદ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે ગોમતી ઘાટનો વિકાસ થયેથી દુકાનો સ્થાઈ થવા હાઈકોર્ટે જણાવ્યું હતું. પરંતુ આમ છતાં પણ આજ દિન સુધી દુકાનદારોને ધંધા રોજગાર માટે કોઈ જગ્યા ફાળવવામાં આવી નથી. જેના કારણે દુકાનદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રણછોડરાય વેપારી મહામંડળના પૂર્વ પ્રમુખ બીપીન શાહે જણાવ્યું હતું કે, મંદિરની આસપાસ લગભગ ૫૫ જેટલી દુકાનો ડિમોલેશનમાં ગઈ હતી. તે મામલે અમે હાઈકોર્ટમાં ગયા હતા. જ્યાં જે તે વખતે હાલમાં સરકાર જોડે જગ્યા નથી. પરંતુ ગોમતી ઘાટનો વિકાસ થયેથી જગ્યા ફાળવવાની રહેશે. અમારી દુકાન ગયે આજે લગભગ ૧૯ વર્ષ વીતી ગયા છે અને આ વાતને પણ ૨૦ વર્ષ જેવો સમય ગાળો પસાર થઈ ગયો છે. આમ છતાં પણ અમને અમારી જગ્યા આપી નથી. અમારી ૧૦ બાય ૧૦ ની જગ્યા પાછી આપવા અમે સરકારને અને તંત્રને જણાવીએ છીએ. દુકાન ગુમાવનાર વિશ્વનાથ સેવક જણાવે છે કે નવા સત્રમાં અમારા માટે સરકાર કઈ વિચારે તો સારું રહેશે. કારણ કે આજે અમે બેકાર બન્યા છે. મારે અત્યારે ૭૮ વર્ષ થયા છે ત્યારે મારે ગમચો લઈને ફરવાની નોબત આવી છે. ઘરની એવી પરિસ્થિતિ ઉભી છે કે, દીકરાના દીકરા માટે કોઈ કન્યા પણ આપતું નથી. દુકાન ગુમાવનાર જોષી ગોપાલભાઈ જણાવે છે કે, આ અમારી દુકાનો લગભગ ૧૨૫ વર્ષ જૂની એટલે કે અંગ્રેજો શાસન વખતની હતી. દુકાનો તોડી પડાયા બાદ લગભગ ૨ હજાર કુટુંબ રસ્તા ઉપર આવી ગયા હતા. આજે પણ અમે રોજી રોટી મેળવવા માટે ફાંફાં મારવા પડી રહ્યા છે. ખાસ કરીને દીકરાના લગ્ન માટે કોઈ કન્યા પણ આપતું નથી. અમને અમારી દુકાનો સ્થાપિત કરવા તેવી અમારી સરકારને અરજ છે.

## નળ સરોવર ખાતે કરાશે ‘વેટલેન્ડ ડે’ ની ઉજવણી

અમદાવાદ,
આતંરરાષ્ટ્રીય જળપ્લાવિત દિન નિમિત્તો નળ સરોવર પક્ષી અભયારણ્ય, વનવિભાગ અને ગીર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિશ્ર્વ જળપ્લાવિત દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફોટો એકઝિબિશન કમ કોમ્પીટીશન, વર્કશોપ યોજાયું હતું. ગુજરાત એક અપાર વૈવિધ્ય ધરાવતું રાજ્ય છે. રણ, પર્વત, જંગલ, દરિયો એમ બધુંજ ગુજરાત પાસે છે. ગુજરાત ૧૬૦૦ કિ.મિથી વધુ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય છે. ગુજરાતને પક્ષી તીર્થ નળસરોવર સહેલાણીઓ ઉપરાંત દેશ વિદેશમાં વિખ્યાત છે. જિલ્લા વનસંરક્ષક પી.પુરુષત્તમા કહે છે કે, અમદાવાદથી આશરે ૬૫ કિ.મિ દૂર આવેલું નળ સરોવર દેશનું સૌથી મોટું જળપક્ષી અભયારણ અને છીંછરા પાણીનાં સૌથી મોટા સરોવર પૈકીનું એક છે. નળ સરોવર એ અંદાજે ૧૨૦ ચો કિ.મિ. જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલો મોટો જળ ભંડાર છે. આ સરોવરની લંબાઈ ૩૨ કિ.મિ. તથા પહોળાઈ ૬.૪ કિ.મિ. છે. શિયાળાની શરૂઆત સાથેજ વિદેશી પક્ષીઓનું અહીં આગમન શરૂ થઈ જાય છે. નળસરોવર અને થોળ તળાવ ખાતે અનુક્રમે પક્ષીઓની ૨૨૬થી વધુ પ્રજાતિઓ અને માછલીઓની ૧૯ પ્રજાતિઓનો વસવાટ જોવા મળે છે. નળસરોવરને ‘રામસર સાઈટ’નો દરજ્જો આપવામાં આવ્યો છે. વળી મોટી સંખ્યામાં આવતા યાયાવર પક્ષીઓને કારણે આ વેટલેન્ડ પક્ષીપ્રેમીઓનાં સ્વર્ગ સમાન બની ગયું છે.

## શ્રમજીવીનું આફ્રિકામાં મોત, અંતિમ સંસ્કાર માટે સપ્તાહથી સ્વજનોનો વલોપાત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના નિકોલા ગામના શ્રમજીવીનું સાઉથ આફ્રિકામાં મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. મૃતદેહના અંતિમ સંસ્કાર માટે એક સપ્તાહથી સ્વજનો વલોપાત કરી રહ્યા છે. સ્વજનો મૃતદેહ ઘરે લાવવા માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે. આ શ્રમજીવી દોઢ વર્ષ અગાઉ સેન્ટિંગ કામની મજૂરી માટે ભુજની કંપની મારફતે સાઉથ આફ્રિકા ગયા હતા. ગત શુક્રવારે પરિવારજનોને બાબુભાઇ બારીયા મૃત્યુ પામ્યા બાદ સ્વજનોને મૃતદેહ આપવા અંગે યોગ્ય પ્રત્યુતર મળી રહ્યો નથી. સ્વજનો પોતાના પિતાના અંતિમ સંસ્કાર અને દર્શન માટે એક સપ્તાહથી ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા છે. મામલતદાર દ્વારા પણ બનાવ અંગે નિકોલા આવી પંચનામું કરવામાં આવ્યું હતું. મૃતકના સ્વજનોએ સ્થાનિક ધારાસભ્ય મારફતે સાંસદને પણ રજૂઆત કરી છે. સાઉથ આફ્રિકામાં સ્વજનનો મોત થતાં નિકોલા ગામમાં શોકની લાગણી ફેલાઇ છે. સાથે જ પરિવારજનોના આંસુ સૂકાઇ રહ્યા નથી. સ્વજનના મોતના સમાચાર મળ્યા બાદથી પરિવારમાં ભારે શોક છે. જ્યારે મૃતદેહના અંતિમ સંસ્કાર માટે એક સપ્તાહથી સ્વજનો વલોપાત કરી રહ્યા છે. સ્વજનો મૃતદેહ ઘરે લાવવા માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

વૃષભ : આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે. પરિવારમાં સુખી પરિવર્તન આવશે.

મિથુન : આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

કર્ક : આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

સિંહ : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

કન્યા : આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

તુલા : આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે તમારા પુત્ર અને પુત્રીના સંબંધમાં કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણ બનશે અને તમારા સાથીઓ પણ તમારો સાથ આપશે.

ધનુ : તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કુંભ : આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો. રાત્રે પરિસ્થિતિમાં વધુ સુધારો થશે.

મીન : આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

## ગુજરાતમાં વ્યાજખોર વિરુદ્ધની રાજ્યવ્યાપી ડ્રાઈવ દરમિયાન ૮૪૭ FIR દાખલ

### કુલ ૧૪૮૧ આરોપીઓની સામે ગુના દાખલ કરીને ૧૦૩૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ,
રાજયમાં ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજ દરે રૂપિયાનુ ધિરાણ કરી સામાન્ય નાગરિકો પાસેથી સિક્યુરીટી પેટે લખાવી લીધેલી મિલકતો પચાવી પાડવાની તેમજ ધાક ધમકી આપી લોકો પાસેથી વ્યાજની ઊઘરાણી કરી ગેરકાયદેસર વ્યાજે નાણા ધીરધારનો વ્યવસાય કરનાર વ્યાજખોરો વિરુધ્ધ સખતમાં સખત પગલા લેવા અને ભોગ બનનારાઓને વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

ગેરકાયદેસર રીતે વ્યાજે રૂપિયા આપી સામાન્ય નાગરિકોની પાસેથી મસમોટુ વ્યાજ ખંખેરતા વ્યાજખોરો વિરૂધ્ધ ગૃહ વિભાગ દ્વારા રાજયવ્યાપી વિશેષ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જે અંતર્ગત રાજયભરમાં ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ દ્વારા ઠેર ઠેર લોક દરબાર યોજ્યા હતા અને વ્યાજખોરો દ્વારા કરવામાં આવતી હેરાનગતી અંગેની સામાન્ય નાગરિકોની આપવિતી ખુબ જ સંવેદના સાથે સાંભળી ફરિયાદો આધારે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ તંત્ર દ્વારા તા.૦૫ થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન સમગ્ર રાજયમાં નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અન્વયે કુલ ૮૪૭ એફ.આઈ.આર દાખલ કરી ૧૪૮૧ આરોપીઓની સામે ગુના દાખલ કર્યા છે. તે પૈકી ૧૦૩૯ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. એટલુ જ નહિ, માથાભારે વ્યાજખોરો સામે ૨૭ પાસાની દરખાસ્ત કરવામાં આવી છે.

આ ડ્રાઈવ દરમિયાન પોલીસ દ્વારા કુલ ૨૩૮૯ લોકદરબાર યોજવામાં આવ્યા છે. લોક દરબારમાં કુલ ૧૪,૬૧૯ પોલીસ અધિકારી/કર્મચારીઓ તેમજ કુલ ૧,૨૯,૪૮૮ વ્યક્તિઓ પ્રત્યક્ષ સહભાગી થયા હતા. આ ઝુંબેશમાં પોલીસ કમિશ્નરો, રેન્જ આઈજીપી, પોલીસ અધિક્ષકો, નાયબ પોલીસ અધિક્ષકો તથા તમામ રેન્કના અધિકારીઓ દ્વારા લોકદરબારમાં હાજર રહી લોકોને વ્યાજખોરો વિરૂદ્ધ ફરીયાદ કરવાની હિમંત આપી તેમજ લોકદરબારના સ્થળ ઉપર વ્યાજખોરીથી પિડીત લોકોની અરજીઓ/રજુઆતો સાંભળી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

વ્યાજખોરો વિરૂધ્ધમાં ગુજરાત પોલીસ દ્વારા નવતર અભિગમ અપનાવી, રાજયમાં ફક્ત આંકડા દર્શાવવા નહી પરંતુ ખરેખર કામગીરી થાય, પોલીસ અધિકારીઓ લોકોની વચ્ચે જઇ સમજ આપે અને સામૂહિક લોકજાગૃતિ આવે, હિંમત આવે તે માટે કાર્યવાહી કરી છે. આરોપીઓ પાસેથી ભોગ બનનારને વસ્તુઓ પરત મળે તેવી કામગીરીઓ થઇ છે અને રાજ્યના હજારો લોકોને વ્યાજના દુષણમાંથી બચાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત તમામ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીઓ દ્વારા પોતાના મુખ્ય મથક ખાતે જરુરીયાતમંદ સામાન્ય નાગરિકોને લોન/ધિરાણ મેળવવામાં મદદરૂપ થવા માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવશે. રાષ્ટ્રીયકૃત બેક્રો/સહકારી બેક્રોના પ્રતિનિધીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીશ્રીઓ તથા જીલ્લામાં આ પ્રકારની લોન સહાય આપતાં અન્ય સરકારી વિભાગોના પ્રતિનિધીઓને હાજર રાખી જીલ્લાના મુખ્યમથક ખાતે અનુકુળ જગ્યાએ જરૂરીયાતમંદ નાગરિકોને એકત્ર કરી, યોગ્ય લોન ધિરાણ અપાવવામાં સહાયતા કરવા માટે રાજયવ્યાપી કાર્યક્રમના ભાગરૂપે કેમ્પનું આયોજન કરવામાં આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકાના ભીચોર ગામે

# વળાંકમાં ટ્રેક્ટર પલટી ખાતા બે મહિલાઓના મોત : ૨૧ લોકો ગંભીર ઈજાગ્રસ્ત

- ઈજાગ્રસ્તોને ફતેપુરા સરકારી દવાખાનામાં સારવાર અપાય ગંભીર ઈજાગ્રસ્તોને દાહોદ ખાતે રિફર કરાયા.
- ટ્રેક્ટરમાં સવાર લોકો ભિચોર ગામેથી કન્યાને દાગીના પહેરાવવા રાજસ્થાનના ગાંગડ તળાઈ ગામે જઈ રહ્યા હતા. તેવા સમયે વળાંકમાં ટ્રેક્ટરે પલટી મારતા અકસ્માત સર્જાયો.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં વાહન ચાલકો બે ફામ બનતા દિન પ્રતિદિન વાહન અકસ્માત મોતના બનાવો વધતા જઈ રહ્યા છે. જ્યારે પોલીસ ખાતું મુકબધિર બનીને આ તમાશો જોયા કરે છે અને બનાવ બનતા તેની પોલીસ સ્ટેશનમાં નોંધ કરવામાં આવે છે. પરંતુ આ અકસ્માતો થવા પાછળ પોલીસ કે આર.ટી.ઓ. દ્વારા અકસ્માતોને ઘટાડવા માટે કોઈ પગલા ભરવામાં આવતા નથી.જેના લીધે વધુને વધુ નિર્દોષ લોકો કાળનો કોળિયો બનતા જઈ રહ્યા છે. તેવી જ રીતે વધુ એક ગોઝારો બનાવ ફતેપુરા તાલુકાના ભીચોર ગામે થી ગાંગડ તલાઈ કન્યાને દાગીના પહેરાવવા જતા સમયે ભિચોર ગામે વળાંકમાં ટ્રેક્ટરે પલટી મારતાં બે મહિલાઓના ઘટના સ્થળે કમ કમાટી ભર્યા મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. જ્યારે ૨૧ જેટલા લોકોને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ફતેપુરા સરકારી દવાખાનામાં લાવવામાં આવ્યા હતા. જે પૈકી ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે દાહોદ ખાતે ખસેડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.



પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ બપોરના ૨:૦૦ વાગ્યાના અરસામાં ભિચોર ગામેથી કન્યાને દાગીના પહેરાવવા માટે રાજસ્થાનના ગાંગડ તલાઈ ગામે ટ્રેક્ટરમાં સવાર થઈ ૨૫ જેટલા મહિલા તથા પુરૂષો જઈ રહ્યા હતા. તેવા સમયે ટ્રેક્ટરના ચાલકે ભિચોર ગામે વળાંકમાં પોતાના કબજાના ટ્રેક્ટરના સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ટ્રેક્ટર પલટી મારી ગયું હતું. જેમાં સવાર (૧) મનીબેન વાઘાભાઈ મછાર ઉંમર વર્ષ ૫૫ રહે.નાના બોરીદા (૨) બારીયા વિછલીબેન નાનજીભાઈ ઉંમર વર્ષ ૬૫ રહે.ભિચોર (૩) કિંજલબેન દિનેશભાઈ પારગી ઉંમર વર્ષ ૧૬ (૪) અબજીભાઈ ચુનીયાભાઈ સુવર ઉંમર વર્ષ ૫૦ (૫) સુરતાબેન વસંતભાઈ બારીયા ઉંમર વર્ષ ૨૬ (૬) મિતલબેન સરદારભાઈ બારીયા ઉંમર વર્ષ ૧૮ (૭) સરદારભાઈ ચમનાભાઈ બારીયા ઉંમર વર્ષ ૫૦ (૮) શર્માબેન ગૌતમભાઈ બારીયા ઉંમર વર્ષ ૧૬ (૯) લતાબેન રાજેશભાઈ પારગી ઉંમર વર્ષ ૩૮ (૧૦) કવિતાબેન તેરસિંગ ભાઈ બારીયા ઉંમર વર્ષ ૩૫ તમામ રહે.ભિચોર (૧૧) રેખાબેન શૈલેષભાઈ પારગી ઉંમર વર્ષ ૨૫ રહે. ઢઢેલા (૧૨) તેરસિંગભાઈ ચમનાભાઈ બારીયા ઉમર વર્ષ ૪૦ (૧૩) નાનજીભાઈ ખાતરાભાઈ બારીયા ઉંમર વર્ષ ૫૦ (૧૪) મણભાઈ કાળુભાઈ પારગી ઉંમર વર્ષ ૩૫ (૧૫) ચંદ્રિકાબેન રમેશભાઈ ડામોર ઉંમર વર્ષ ૧૮ (૧૬) નાથુભાઈ ભલાભાઈ પારગી ઉંમર વર્ષ ૪૨ તમામ રહે.ભિચોર (૧૯) સંગીતાબેન બાબુભાઈ ચારેલ ઉંમર વર્ષ ૧૯ રહે.હડમત (૧૮) વિલાસબેન સરદારભાઈ બારીયા ઉંમર વર્ષ ૧૩ (૧૯) કાળીબેન મોહનભાઈ ડામોર ઉંમર વર્ષ ૩૫ (૨૦) લાલસીંગભાઈ હીરાભાઈ પારગી ઉંમર વર્ષ ૮૦ (૨૧) મહેશભાઈ ભાથુભાઈ ડામોર ઉંમર વર્ષ ૩૫ (૨૨) કમળાબેન મહેશભાઈ ડામોર ઉંમર વર્ષ ૩૩ તથા (૨૩) શીતલબેન સરદારભાઈ બારીયા ઉંમર વર્ષ ૧૮ નાઓને ઈજાઓ પહોંચવા પામી છે. જે પૈકી નાના બોરીદાના મનીબેન વાઘાભાઈ મછાર ઉંમર વર્ષ ૫૫ તથા વિછલીબેન નાનજીભાઈ બારીયા ઉંમર વર્ષ ૬૫ રહે.ભિચોરના ઓનું ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યુ મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ફતેપુરા સરકારી દવાખાનામાં લાવી સારવાર આપવામાં આવી રહી છે. જે પૈકી વધુ ઈજાગ્રસ્તોને દાહોદ ખાતે રિફર કરવા ના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત અકસ્માત સંદર્ભે ફતેપુરા પોલીસે ઘટના સ્થળે જઈ આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

## દાહોદ સહિત જીલ્લામાં ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિની પંચાલ સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ભગવાન વિશ્વકર્મા જયંતિની પંચાલ સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ શહેરમાં પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા શહેરમાં ભગવાન વિશ્વકર્માજીની ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં અને વિશેષ રૂપે મહિલા મંડળના રાસ, ગરબાએ રમઝટ બોલાવી હતી.જેને લઇ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિશ્વકર્મા જયંતિ મહોત્સવ નિમિત્તે દાહોદ શહેરમાં આજરોજ પંચાલ નવયુવક મંડળ,પંચાલ સમાજ,પંચાલ પંચ ટ્રસ્ટ, વિશ્વકર્મા મહિલા મંડળ, દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ, વિશ્વકર્મા રામાયણ મંડળ, દાહોદ દ્વારા દાહોદ શહેરમાં આવેલ વિશ્વકર્મા મંદિર, ચેતના સોસાયટી ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વકર્મા ભગવાનનો કેશર દુધથી અભિષેક, ભગવાનનું પુજન, અલ્પાહાર, વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રા બપોરે ૧૨.૧૫ કલાકે નીજ મંદિરેથી નીકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. શોભાયાત્રામાં બાળકોથી લઈ મહિલાઓ, પુરૂષો, વયોવૃધ્ધ તેમજ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. શોભાયાત્રામાં મહિલા મંડળના રાશ, ગરબાએ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જમાવી રમઝટ બોલાવી હતી. શોભાયાત્રા બાદ પ્રાસંગિક પ્રવચન, ધજાઆરોહણ, થાળ તથા મહાઆરતી અને ત્યાર બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદમાં સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આમ, દાહોદ શહેર સહિત જિલ્લામાં ભગવાન વિશ્વકર્મા જયંતિની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## દાહોદ જીલ્લામાં વાતાવરણમાં અવાર-નવાર પલટો આવતાં સીઝનલ બિમારીમાં વધારો

દાહોદ,

દાહોદ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં કોરોનાની રાહત મળી રહી છે. ત્યારે બીજી તરફ શિયાળાની ઠંડી ઋતુમાં અવાર નવાર વાતાવરણમાં પલ્ટો આવતાં ઉધરસ, શરદી, તાવ જેવી સીઝનલ બીમારીઓએ પણ માઝા મૂકી છે. જેને કારણે શહેરના નાના મોટા દવાખાનાઓ તથા સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. તેવા સમયે દાહોદ નગરપાલિકાના સંલગ્ન વિભાગની બેદરકારીને કારણે હેમંત બજાર અને ઝાયડસ હોસ્પિટલની વચ્ચેના ખાલી પ્લોટમાં ખડકાયેલા દુર્ગંધ મારતા કચરાના ઢગ રોગચાળાને વધુ વકરવામાં મદદરૂપ થતાં હોય તેમ લાગી રહ્યું છે. આ રસ્તે ઝાયડસ હોસ્પિટલમાં દવા સારવાર માટે જતા દર્દીઓને તેમજ પસાર થતાં વટેમાર્ગુઓને અસહ્ય દુર્ગંધ થી બચવા નાકે રૂમાલ દબાવવા મજબુર થવું પડે છે. દાહોદમાં હાલ ઉધરસ, શરદી, તાવ જેવા રોગોની સાથે સાથે ટાઈફોઈડ તેમજ મલેરિયા જેવા રોગો એ પણ માથુ ઉચક્યું છે. જેના કારણે શહેરની ડિસ્પેન્સરીઓથી માંડી દવાખાનાઓ તેમજ સરકારી અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આવલા સમયે શહેરમાં કેટલીક જગ્યાએ દાહોદ નગરપાલિકાના સંલગ્ન વિભાગની બેદરકારીને કારણે દુર્ગંધ મારતા કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. દાહોદ શહેરના યાદગાર ચોકથી ઝાયડસ હોસ્પિટલ જવાના રોડ પર ઝાયડસ હોસ્પિટલ અને હેમંત બજારની વચ્ચે આવેલ ખાલી પ્લોટમાં છેલ્લા કેટલાક દિવસથી દુર્ગંધ મારતા કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. જે રોગચાળાને નોતરવામાં મદદરૂપ થઈ રહ્યા છે. આ રસ્તાનો ઉપયોગ મોટાભાગે ઝાયડસ હોસ્પિટલમાં દવા સારવાર માટે આવતા જતા ગામના તેમજ બહાર ગામના લોકો જ કરે છે. જેથી આ રસ્તો તો સ્વચ્છ અને કચરા સહિત હોવો જરૂરી છે કે પરંતુ દુરભાગ્યે સંલગ્ન વિભાગના અધિકારી-કર્મચારીઓની બેદરકારીને કારણે કચરાના આ ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે.

## દાહોદ જીલ્લા પોલીસે ૧૮ વ્યાજખોરીના ગુન્હા પૈકી ૩૦ ગેરકાયદેસર વ્યાજખોર વિરૂદ્ધ કાર્યવાહી કરી


દાહોદ,

દાહોદ જિલ્લામાં તારીખ ૦૫.૦૧.૨૦૨૩ થી તારીખ ૩૧.૦૧.૨૦૨૩ સુધીમાં દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાંથી કુલ ૧૮ ગુન્હાઓ પૈકી ૩૦ ગેરકાયદેસર વ્યાજખોરો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતાં ઈસમો પાસેથી પાસબુક, કોરા ચેકો, સોનું, ચાંદી, ડાયરીઓ તેમજ સ્ટેમ્પ જેવા પુરાવાઓ હસ્તગત કરી તમામ વ્યાજખોરો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે, તેમજ આગામી દિવસોમાં પણ વ્યાજખોરોના ત્રાસથી પીડીતોને પોલીસને જાણ કરવા દાહોદ જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં પોલીસ દ્વારા વ્યાજખોરી કરતાં ઈસમો વિરૂધ્ધ પ્રજાજજોમાં જાગૃતતા ફેલાવી કુલ પર લોક દરબાર યોજી નિર્ભયપણે રજુઆત કરવા જણાવતાં કુલ ૧૮ ગુનાઓ વ્યાજખોરી કરતાં ઈસમો વિરૂધ્ધ દાખલ કરી સંડોવાયેલ કુલ ૩૦ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને આ કામના ભોગ બનનાર પ્રજાજનોએ વ્યાજખોરી કરતાં આરોપીઓ પાસેથી રૂા.૯,૭૬,૭૦૦ વ્યાજે લીધેલ જે ભોગ બનનાર પ્રજાજનોએ વ્યાજ સહિત રૂા.૧,૫૬,૪૬,૫૦૦ વ્યાજ સાથે ચુકવેલ તેમ છતાં હજુ વ્યાજખોરોએ રૂા.૭૮,૩૫,૬૦૦ ની વધુ માંગણી કરી શોષણ કરતાં વ્યાજખોરો વિરૂધ્ધ કાર્યવાહી કરતાં સામાન્ય નાગરીકોમાં સંતોષની લાગણી વ્યક્ત કરેલ છે. તેમજ વ્યાજખોરો પાસેથી બે પાસબુક, ત્રણ કોરો ચેક, ૧૫૦ ગ્રામ સોનુ, ૧૬૦ ગ્રામ ચાંદી, ૦૩ ડાયરીઓ, ૧૫ સ્ટેમ્પ વિગેરે હસ્તગત કરવામાં આવેલ છે. કુલ ૩૮ અરજીઓ મળેલ હતી. આ અરજી પરથી ઉંડાણ પુર્વક તપાસ કરી કુલ ૧૨ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. આ લોક દરબારોમાં નાયબ પોલીસ મહાનીરીક્ષીક તથા પોલીસ અધિક્ષક દ્વારા ગુજરાત સરકારની વ્યાજખોરી દ્વારા થતાં શોષણ બાબતનો પ્રજાલક્ષી અભિગમ પરત્વે પ્રજાજનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ વ્યાજખોરોની ઝુંબેશ કાયમ માટે ચાલુ રહેવાની છે. કોઈપણ નાગરીકને વ્યાજખોરી અંગેની રજુઆત હોય તો પોલીસને નિર્ભયપણે રજુઆત કરી શકે છે, તેમ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જણાવ્યું હતું.

નાગરિકોને પોતાના ધંધા રોજગાર ચલાવવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા બેન્કો મારફતે ખુબજ ઓછા વ્યાજના દરે ધિરાણ ઉપરાંત સબસીડી પણ આપવામાં આવે છે. જરૂરીયામંદ પ્રજાને કેટલાંક કિસ્સામાં આ પ્રકારની લોન ક્યાંથી મેળવવા તેના જ્ઞાનના અભાવે આવા વ્યાજખોરોની જાળમાં ફસાઈ જતાં હોય છે. આ પરિસ્થિતીનું નિર્માણ ટાળવા તેમજ સામાન્ય પ્રજાજનોને લોન, ધિરાણ મદદરૂપ થવા માટે અત્રેના જિલ્લામાં તારીખ ૦૨.૦૨.૨૦૨૩ના રોજ જિલ્લાના રાષ્ટ્રકૃત બેન્કો, સિડ્યુલ બેન્કો, સહકારી બેન્કો, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ, ગુજરાત સ્ટેટ લાઈવ હુડ પ્રમોશન લિ. વિગેરેના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી સામાન્ય પ્રજાજનોને વ્યાજબી દરે લોન ધિરાણ મળી શકે તે અંગેની આયોજન કરવા માટે પરામર્શ કરી સંબંધિત વિભાગો સાથે મળી આગામી ટુંક સમયમાં દાહોદ જિલ્લાના નાગરિકો માટે ધિરાણ કેમ્પ તેમજ અલગ અલગ વિભાગોના સ્ટોલ સાથે તમામ યોજનાઓનું માર્ગદર્શન માટે દાહોદ ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવનાર છે. જરૂરીયાતમંદ નાગરિકોને ઉપસ્થિત રહેવા દાહોદ જિલ્લા પોલીસ જાહેર જનતાને અપીલ કરી હતી.

## દાહોદ શહેરમાં સાંજના સમયે આકાશમાં અદ્રશ્ય વસ્તુ દેખાતા હોવાનો વિડિયો વાયરલ થતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો



દાહોદ,

તારીખ ૨-૨-૨૦૨૩ ના રોજ સાંજના ૦૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન દાહોદ શહેરમાં એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં દાહોદ શહેરના આકાશમાં ચાંદની બાજુમાંથી કોઈ અદ્રશ્ય વસ્તુ આસમાન તરફથી નીચે ઉતરતું દેખવા મળતા લોકોએ મોબાઈલમાં તે અદ્રશ્ય ચિત્રને પોતાના મોબાઈલમાં કેદ કરી કરી હતી અને તેના વિડીયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થતા દાહોદ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે જે રીતે વીડિયોમાં દ્રશ્યમાન થાય છે, તે રીતે આસમાનમાં રાત્રિના અંધારાના સમયમાં ચાંદની બાજુમાંથી એક સફેદ કલરનું ટ્યુબ લાકડીની આકાર વાળી કોઈક વસ્તુ છે તે જમીન ઉપર આવી રહ્યું હોય તેવો વિડીયો લોકોએ ઉતારી અને સોશિયલ મીડિયામાં વાયરલ કરતા તે હાલતો સોશિયલ મીડિયામાં વાયરલ થતો અદ્રશ્ય વાળો વિડિયો ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે વાયરલ વીડિયોને લઈને લોકોમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## ગરબાડામાં પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

સૃષ્ટિના સર્જનહાર, વાસ્તુકલા અને સર્જનના દેવતા, દેવશિલ્પી વિશ્વકર્મા ભગવાનની જયંતિ નિમિતે ગરબાડામાં પંચાલ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વકર્મા મંદિરે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વકર્મા જયંતિની ઉજવણી નિમિતે ગરબાડા વિશ્વકર્મા મંદિરે સવારમાં વિશ્વકર્મા ભગવાનનો વિશેષ શણગાર તથા વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી અને ત્યારબાદ બપોરે ગરબાડા નગરમાં ભગવાનની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી બજારમાં ચામુંડા માતાજી મંદિરના ચોકમાં ગરબાની રમઝટ સાથે શોભાયાત્રા નગરમાં ફરી હતી અને શોભાયાત્રા બાદ વિશ્વકર્મા મંદિરે ભગવાન વિશ્વકર્માની આરતી તેમજ સાંજના સમયે સમાજના લોકો માટે સમુહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## હાલોલના ગોપીપુરા ગામે એન્ટેસ ટ્રાન્સપોર્ટ સર્વિસીસના વેર હાઉસ માંથી ૩.૨૯ લાખની રોકડની ચોરી થતાં ફરિયાદ

હાલોલ,

હાલોલના ગોપીપુરા ગામે એન્ટેન્સ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસના વેર હાઉસના રૂમનો પાછળનો દરવાજો તોડી લોકર માંથી ૩,૨૯,૧૩૧/-રૂપીયા રોકડની ચોરી કરી જતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના ગોપીપુરા ગામે આવેલ એન્ટેસ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ કંપનીના વેર હાઉસમાં ૨૯ જાન્યુઆરીના રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ વેર હાઉસના પાછળનો દરવાજો તોડી ઓફિસમાં પ્રવેશ કરી લોકરમાં રાખેલ રોકડા ૩,૨૯,૧૩૧/- રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## ગોધરા કોટડા પ્રા.શાળામાં લીગલ લીટરસી કેમ્પનું આયોજન

ગોધરા,

ગોધરા ખાતેની લો કોલેજના આચાર્ય ડો.અપૂર્વ પાઠકના માર્ગદર્શન હેઠળ ડો.સતીશ નાગર, ડો.કૃપા જયસ્વાલ, ડો.અમિત મહેતા અને ડો.અર્ચનાબેન યાદવ તથા વિદ્યાર્થીઓ દ્વારા કોટડા પ્રાથમિક શાળા ખાતે લીગલ લીટરસી કેમ્પનું આયોજન કરવામાં આવેલ. શાળામાં અભ્યાસ કરતા બાળકોને માનવ અધિકારો સ્ત્રી-બાળકોના અધિકારો સ્ત્રી શિક્ષણ મહત્વ, બંધારણ, RTI એક્ટ વગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળા ખાતે કેમ્પના મહેમાનો જુવાનસિંહ ચૌહાણ રાજેશકુમાર પંચાલ તથા બાળકોના સાથ સહકારથી કેમ્પ સફળ તરીકે સંપન્ન કરવામાં આવ્યું હતું.

## દાહોદ રેલ્વે વિભાગના મુખ્ય કારખાના પ્રબંધકને રજત પદકથી સન્માનિત કરાયા

દાહોદ,

દાહોદ શહેરમાં રેલવે વિભાગના મુખ્ય કારખાના પ્રબંધક, દાહોદને તેઓના વર્ષ ૨૦૨૧ માં રાજભાષા કાર્યન્વયનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી બદલ રેલ મંત્રી રાજભાષા રજત પદકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દાહોદ રેલવે સ્ટેશન ખાતે મુખ્ય કારખાના પ્રબંધક તરીકે કાર્યરત વિનય કુમાર દ્વારા તેઓના વર્ષ ૨૦૨૧ માં રાજભાષા કાર્યન્વયનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી બદલ રેલ મંત્રી રાજભાષા રજત પદકથી પ્રધાન કાર્ય પાલક નિર્દેશક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વિનય કુમારને પ્રદાન કરવામાં આવેલ પુરસ્કાર રાશિ આરટીજીએસ એનઈએફટી ના માદયમથી તેઓના બેન્ક ખાતામાં સીધેસીધું ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિનય કુમારને મંત્રી રાજભાષા રજત પદકથી સન્માનિત કરવામાં આવતા દાહોદના રેલવે કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તેઓને શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.140

તા.૦૪/૦૨/૨૦૨૩
શનિવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરાના ખોજલવાસા ગામે મહિલા ઉપર દિપડાએ હુમલો કરતાં મહિલાનો આબાદ બચાવ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

- આંગણવાડીમાં તેડાગર તરીકે ફરજ બજાવતી મહિલા નજીકમાં ખેતરમાં થઈ બાળકો લેવા જતી વખતે દિપડાએ હુમલો કર્યો.
- વન વિભાગના કર્મીઓએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દિપડાની શોધખોળ હાથ ધરી.

શહેરા,

શહેરા તાલુકાના ખોજલવાસા ગામે ૨૮ વર્ષીય મહિલા પર દિપડાએ હિંચકારો હુમલો કર્યો હતો. મહિલાએ બૂમાબૂમ કરતા દિપડો પાસે આવેલા ખેતરોમાં ભાગી છૂટયો હતો.આ બનેલા બનાવ માં મહિલાનો આબાદ બચાવ થયો હતો. જ્યારે તાલુકા વનવિભાગના અધિકારી રોહિત પટેલ તેમજ કર્મચારીઓ દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દિપડાની શોધખોળનું અભિયાન હાથ ધર્યું હતું. દિપડા એ મહિલા પર હૂમલો કરતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ખોજલવાસા ગામે આવેલી દક્ષિણ બારીઆ પ્રાથમિક શાળાની પાછળ આવેલા લીમડા ફળીયામાં રહેતા ૨૮ વર્ષીય જ્યોતિકાબેન વિજયભાઈ પટેલ આંગણવાડીમાં તેડાગર તરીકે ફરજ બજાવે છે. જેઓ શુક્રવારની સવારે આંગણવાડીમાં છોકરાઓને લેવા માટે તેઓના ઘર નજીક આવેલ મકાઈના ખેતરો પાસેથી પસાર થતાં હતા. ત્યારે અચાનક જ એક દિપડો ખેતરમાંથી આવી જતા તેઓની ઉપર હૂમલો કરી પગ પર પંજા મારતા સાડીના કારણે દિપડાના સામાન્ય નહોર વાગ્યા હતા અને મહિલાએ બૂમાબૂમ કરતાં દિપડો ત્યાંથી ભાગી ગયો હતો. બીજી તરફ ગામમાં દિપડો આવ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા કેટલાક વાલીઓ પોતાના બાળકોને આંગણવાડી માંથી ઘરે લઈ ગયા હતા અને ઘટના સ્થળે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ શહેરા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રોહિત.વી.પટેલને થતાં તેઓ તાત્કાલિક વનવિભાગની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી શોધખોળ શરૂ કરાઈ હતી. ત્યારબાદ તેઓએ ખેતરમાં તપાસ કરતા પંજાના નિશાન જોવા મળ્યા હતા. જે પંજાના નિશાનનું નિરીક્ષણ કરતા તે દિપડાના પગલાં હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાવ્યું હતું. આ ઘટનાને લઈને વન વિભાગની ટીમે ગ્રામજનોએ હવે પછી પોતાની પાસે લાકડી રાખવાનું અને રાત્રિના સમયે ઘરોની અંદર લાઈટ ચાલુ રાખવાની સમજ આપી નાના બાળકો અને પ્રૌઢ વ્યક્તિઓનું વિશેષ ધ્યાન રાખવાની સૂચના આપવામાં આવી હતી. આ બનાવને લઈને વનવિભાગના કર્મચારીઓનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ઉપસ્થિત ગ્રામજનોની અંદરો અંદર થતી ચર્ચા અનુસાર પહેલી વખત દિપડાએ દેખા દીધી હતી અને હાલ તો ગામના દક્ષિણ બારીઆ વિસ્તારમાં દિપડાને દેખાવાને લઈ ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયેલો જોવા મળ્યો હતો.

> ગ્રામજનોએ જણાવ્યું હતું કે, પહેલી વખત ગામમાં દિપડો દેખાયો છે અને મહિલા પર હૂમલો થયાની જાણ ગામમાં વાયુવેગે પ્રસરતા આંગણવાડીમાં જે બાળકો આવ્યા હતા. તેને વાલીઓ આવીને લઈ ગયા હતા.

> જ્યારે મને જાણ થઈ કે મારી પત્ની પર દિપડાને હૂમલો કર્યો છે. આથી હું લાકડી લઈ ત્યાં ગયો હતો. ત્યારે દિપડો મકાઈના ખેતરમાં છુપાયેલો હતો અને મારા પર હૂમલો કરવા જતાં હાથમાંની લાકડી ઉંચી કરી બૂમાબૂમ કરતા તે ભાગી છૂટયો હતો.
> **વિજયભાઈ પટેલ, પ્રત્યક્ષદર્શી**

> દિપડા દ્વારા મહિલા પર હૂમલો થયાની વાત જાણવા મળતા હું તેમજ મારા સાથેના વન વિભાગના કર્મીઓ દ્વારા સમગ્ર વિસ્તારમાં શોધખોળનું અભિયાન હાથ ધર્યું હતું અને રાત્રિના સમયે અભિયાન ચાલુ રાખી દિપડો જે ભૂલો પડ્યો છે. તેને આસપાસમાં આવેલા જંગલ તરફ મોકલી આપવાના પ્રયત્નો હાથ ધરાશે. સાથે જ ગ્રામજનોને રાત્રિના સમયે ઘરની લાઈટો ચાલુ રાખવાનો અનુરોધ કર્યો છે અને નાના બાળકો તેમજ પ્રૌઢ વ્યક્તિઓને સંભાળવાની સમજ આપવામાં આવી છે.
> **આર.વી.પટેલ, આર.એફ.ઓ. શહેરા**

## કાલોલ ખરસાલીયા એસ.સુબ્રમનયન એન્ડ કંપનીના કામદાર યુનિયન સભાસદો દ્વારા લે-ઓફ નોટીસ અંગે જીલ્લા મદદનિશ શ્રમ આયુકતને ફરિયાદ કરી

કાલોલ,

કાલોલના ખરસાલીયા ખાતે આવેલ એસ.સુબ્રમનયન એન્ડ કંપની કામ કરતા કોન્ટ્રાકટ તથા કેજયુઅલ કામદારોને નોકરી માંથી કાયદેસરના હકકો જેવાં કે નોટીસ પગાર, છટણી વળતર અને ગ્રેજયુટી રકમ ચુકવી આપેલ નથી. કંપની માંથી કોન્ટ્રાકટ તથા કેજયુઅલ કામદારોને નોકરી માંથી છુટા કર્યા બાદ પણ પુરતા પ્રમાણ કામ ઉપલબ્ધ છે તેમ છતાં લે–ઓફનું પગલું ગેરકાયદેસર છે. તે બાબતે યુનિયનના સભાસદો દ્વારા જીલ્લા મદદનિશ શ્રમ આયુકત ગોધરાને લેખિત ફરિયાદ કરી છે.

કાલોલના ખરસાલીયા ગામે આવેલ એસ. સુબ્રમનયન એન્ડ કંપનીના કામ કરતા કામદારોના યુનિયન સભાસદો દ્વારા પંચમહાલ જીલ્લા મદદનિશ શ્રમ આયુકતને લેખિત ફરિયાદ કરી છે કે, કંપની દ્વારા કોઈપણ જાતના કોન્ટ્રાકટ તથા કેજયુઅલ કામદારોને નોકરી માંથી કોઈપણ જાતના કાયદેસરના હકકો જેવાં કે, નોટીસ પગાર, છટણી વળતર તથા ગ્રેજયુટી રકમ ચુકવી આપી નથી. એસ.સુબ્રમનયન એન્ડ કંપનીના જણાવ્યા મુજબ કોન્ટ્રાકટ તથા કેજયુઅલ કામદારોને નોકરી માંથી છુટા કર્યા બાદ પુરતા પ્રમાણમાં કામ ઉપલબ્ધ છે. તેમ છતાં લે–ઓફની અસર પામતા કામદારોને આર્થિક અને માનસીક રીતે તોડી પાડવાના આશયથી તેમજ રાજીનામા મેળવવાના બદઈરાદા થી લે–ઓફનું પગલું ભરવામાં આવેલ છે. તે ગેરકાયદેસર છે કેમ કે, લે–ઓફની ૩૦/૧/૨૩ની નોટીસમાં પગાર ચુકવવા રજુઆત આઈ.ટી.એકટની પગારની વ્યાખ્યા મુજબ ચુકવવા જણાવેલ નથી. કુલ પગારની ગણતરી ધ્યાનમાં રાખેલ નથી. કંપની પાસે પર્યાપ્ત પ્રમાણમાં કામ ઉપલબ્ધ હોવા છતાં લે–ઓફનું પગલું ગેરકાયદેસર છે. કારણ કે, રેલ્વે ઓથોરીટીના ઓર્ડર મુજબ કામ પુરુ થયેલ નથી. તેમજ લે–ઓફની નોટીસ સાથે એસ.સુબ્રમનયન એન્ડ કંપનીના કામદાર યુનિયન દ્વારા મદદનિશ શ્રમ આયુકતને લેખિત ફરિયાદમાં રજુઆત કરવામાં આવી.

> એસ. સુબ્રમનયમ એનડ કંપની ખરસાલીયા ખાતે કામ કરતાં કામદારો યુનિયન સભાસદ છે. કંપનીને યુનિયન સાથે થયેલ પગાર વધારા અને અન્ય લાભોને સવલતોનું સમાધાન ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલ હતું અને સમાધાન શરત મુજબ કંપની દર વર્ષે વિના મૂલ્યે યુનિફોર્મ અને બુટ આપવા કંપની બંધાયેલ હતી. પરંતુ સમાધાન સમાપ્ત થયા બાદ નવું પગાર વધારાનું સમાધાન થયેલ નથી. અગાઉના સમાધાનની શરતો નવું સમાધાન ન થાય ત્યાં સુધી અસ્થિત્વ છે. તેવું કાયદામાં છે. તેમ છતાં કંપનીના મેનેજર તથા વહીવટીકર્તાઓ કંપનીના કામદારોને ૨૦૨૧ અને ૨૦૨૨ માં યુનિફોર્મ અને બુટ નહિ આપી સમાધાનની શરતોનો ભંગ કર્યાની યુનિયન દ્વારા જીલ્લા મદદનિશ શ્રમ આયુકતને લેખિત રજુઆત પણ કરાઈ છે.

## હાલોલ નવજીવન હોટલના પાર્કિંગ ઉભેલ ટ્રક માંથી ૧૪.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



હાલોલ,

હાલોલ નવજીવન હોટલના પાર્કિંગમાં ઉભેલ ટ્રકમાં બટાકાની આડ માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમી એલ.સી.બી.પોલીસને મળેતા એસ.ઓ.જી.પોલીસ સાથે રાખી બાતમીવાળી ટ્રક માંથી ત્રણ ઈસમોને ઝડપી ટ્રકની તપાસ કરતાં ઈંગ્લીશ દારૂની બોટલો અને કવાટરીયા પેટીઓ નંગ–૪૪૬ કિંમત ૧૪,૧૨,૬૫૨/–રૂપીયા તેમજ ટ્રક મળી ૨૪,૩૩,૧૯૨/–લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ટ્રક નં.પીબી.૧૩.બીએમ.૦૫૯૪માં સડેલા બટાકાની આડમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે અને આ ટ્રક હાલોલ નવજીવન હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસ અને એસ.ઓ.જી. પોલીસે પાર્કિંગમાં ઉભેલ ટ્રકોની તપાસ કરી બાતમીવાળી ટ્રકને શોધી કેબીનમાં સુતેલ ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા અને ટ્રકની તપાસ કરતાં ટ્રક માંથી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ–૪૪૬ કિંમત ૧૪,૧૨,૬૫૨/–લાખ રૂપીયા તથા ટ્રક, અંગઝડતીમાં મોબાઈલ ફોન નંગ–૩, રોકડા ૧૩,૪૪૦/–રૂપીયા મળી કુલ ૨૪,૩૩,૧૯૨/–રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીઓ કર્મસીંગ સાવનસીંગ જાટ, મહિન્દરસીંગ પૂરનસીંગ વાલ્મીકી, મનોજકુમાર દીલબાગ સીંગ જાગ હરીયાણાને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો હરીયાણાથી ભરી લાવ્યા હતા અને હાલોલના મોટા મેડા ખાતે મહોબતસિંહ જશવંતસિંહ ચૌહાણને પહોંચાડવાનો હોવાની કબુલાત કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.

## શહેરા પાલિકા વિસ્તારમાં ૧૦ વર્ષથી બંધ પડેલ શાકમાર્કેટ ખોલવામાં શુભ મુહર્તની રાહ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારમાંથી અડચણરૂપ દબાણો તો દૂર કર્યા પણ દસ વર્ષથી બંધ પડેલ શાકમાર્કેટનો દરવાજો ખોલવામાં શુભ મુહૂર્તની રાહ દેખી રહયા છે.

શહેરા નગર પાલિકા દ્વારા પાછલા કેટલાક દિવસોથી નગરના વિવિધ વિસ્તારના અડચણરૂપ દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જ્યારે બસ સ્ટેન્ડ થી બજારમાં આવવાના માર્ગ ઉપર તેમજ અન્ય મહત્વના માર્ગ ઉપર હાથલારીમાં શાકભાજી વેચતા વેપારીઓને પણ હટાવવામાં આવ્યા હતા. જોકે, હોળી ચકલા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા ૧૦ વર્ષ પહેલા રૂપિયા દસ લાખના ખર્ચે શાક માર્કેટ બનાવવામાં આવ્યું હતું. તે શાર્ક માર્કેટ હાલ ધૂળ ખાઈ રહ્યું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે નગરપાલિકા દ્વારા આ શાકમાર્કેટ ને ઉપયોગમાં લઈને રસ્તા ઉપર હાથલારીમાં અને પથારા પાથરીને શાકભાજીનો વેપાર કરતા વેપારીઓને અહીં બેસાડવામાં આવે તો રસ્તો પણ પહોળો થાય તેમ છે, સાથે આ બંધ પડેલ શાકમાર્કેટનો ઉપયોગ પણ થઈ શકે તેવી શક્યતાઓ રહેલી છે. ત્યારે પાલિકા દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને શાક માર્કેટના બંધ દરવાજા ક્યારે ખુલશે તે તો જોવું જ બની રહ્યું છે.

## સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓએ IACE ગાંધીનગર ખાતે તાલીમ મેળવી



ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ,ગોધરા ના મિકેનિકલ ઈજનેરી અને વિદ્યુત ઈજનેરી વિભાગ ના પ્રિ ફાઈનલ યરના ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ “ઇલેક્ટ્રિક વિહીકલ” વિષય પર ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ફોર એક્સેલન્સ ગાંધીનગર સેન્ટર ખાતે તાલીમ મેળવી હતી. આ તાલીમ તેઓ રાજ્ય સરકારની CTE-GKS-RUSA સ્કીમ અંતર્ગત એક અઠવાડિયાની થિયરી અને પ્રેક્ટિકલ સાથેની સંપૂર્ણ તાલીમ મેળવી હતી. સરકારી ઈજનેરી કોલેજના આચાર્ય પ્રો એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ RUSA કોર્ડિનેટર પ્રો.નિતિ દેસાઈ, પ્રો.હાર્દિક શુક્લ, પ્રો.અંકિત બ્રહ્મભટ્ટ, વિગેરે તમામ અધ્યાપકોના સહયોગ થી આયોજન કરેલ હતું. ઉપરોક્ત તાલીમ વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. સદર કાર્યક્રમના તાલીમાર્થી અક્ષર અને રોનિત એ જણાવ્યું હતું કે, આ તાલીમ થી અમારી મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ વિદ્યાશાખામાં મહત્વની અને ઇલેક્ટ્રિક વિહિકલ ડિઝાઈન અને ફ્યુચર વિહીકલ ટેક્નોલોજી ડિઝાઈન સ્કિલ વિકસિત થઇ છે. ઉપરાંત અમારા સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓને આવી સરસ તાલીમ મળવાથી અમને કેરિયરમાં ઈન્ડસ્ટ્રીમાંઆનો ખુબ ફાયદો મળશે. પ્રો.હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું કે, CTE,RUSA, GKS, IACE તેમજ સંસ્થાના આચાર્ય પ્રો.એ.કે. પટેલ, સંસ્થાના RUSA કોર્ડિનેટર નિતિ દેસાઈ અને સ્ટેટ લેવલ કોર્ડિનેશન ડો.શ્રેયા મહેતાના સહયોગ અને માર્ગદર્શનથી આગામી દિવસોમાં આ પ્રકારની વધુ તાલીમોનું આયોજન કરવામાં આવશે. જેથી વિદ્યાર્થી ઓને ટેક્નિકલ સ્કિલ ડેવલોપમેન્ટની તક મળી શકે.

## ગોધરાના પંચાલ સમાજ દ્વારા ભુરાવાવ સમાજવાડી ખાતે ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિની ભવ્ય ઉજવણી કરી



ગોધરા,

ગોધરા નગરમાં રહેતા પંચાલ સમાજ દ્વારા આજે ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિની ભવ્ય અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.

મહા સુદ તેરસના પાવન દિવસ એટલે શ્રી ભગવાન વિશ્વકર્મા જયંતિનો ઉત્સવ ગોધરા નગરમાં રહેતા પંચાલ સમાજ દ્વારા ભુરાવાવ ખાતે પંચાલ સમાજની વાડી ખાતે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. શ્રી વિશ્વકર્મા જયંતિ નિમિતે હવન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. ભગવાન શ્રી વિશ્વકર્માની પૂજા અર્ચના કરવામાં આવી તેમજ બપોરના સમયે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું.

## પંચમહાલ- ગોધરા જીલ્લાના ૧૧ હોમગાર્ડ યુનિટમાં જીલ્લા પોલીસવડા દ્વારા પ્રશંસાપત્ર પઠવાયું



ગોધરા,

પંચમહાલ–ગોધરા જીલ્લાના ૧૧ હોમગાર્ડ યુનિટના ૧૪૦૩ જેટલા હોમગાર્ડ સભ્યો તથા તેઓના પરિવારને કોરોના મહામારી સામે રક્ષણ મળી રહે તે હેતુથી વેક્સીનેશન અંગે જાગૃતા કેળવી તમામ હોમગાર્ડ વેકસીન અપાવવામાં તેમજ સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના ઈ–શ્રમ અને આયુષ્યમાન યોજના હેઠળ ૧૨૪૨ જેટલા હોમગાર્ડના સભ્યોને કાર્ડ આપવાની નિષ્ઠાપૂર્વક કામગીરી કરેલ તેની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી પંચમહાલ જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી દ્વારા પ્રશંસાપત્ર પાઠવવામાં આવ્યું.

## હાલોલ પંચાલ સમાજ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરાઈ



હાલોલ,

હાલોલ નગરમાં વસતા પંચાલ સમાજ દ્વારા આજે વિશ્વકર્મા જયંતીની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. વાસ્તુકલા અને શિલ્પકલાના પ્રણેતા અને યાંત્રિક એન્જિનિયરિંગના દેવતા ગણાતા શ્રી વિશ્વકર્મા ભગવાનની જયંતીની કરવામાં આવેલી ઉજવણીમાં ભગવાનની પૂજા બાદ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. નગર મધ્યે આવેલા તળાવ પાસે માઁ ચામુંડાના મંદિરે કરવામાં આવેલી પૂજામાં મોટી સંખ્યામાં વિશ્વકર્મા ભગવાનના પૂજકો જોડાયા હતા. મહા સુદ તેરસના પાવન દિવસે ઉજવાતા વિશ્વકર્મા જયંતીનો ઉત્સવ હાલોલ શહેરના પંચાલ સમાજે પણ ધામધૂમથી ઉજવ્યો હતો. નગરમાં છેલ્લા ૧૬ વર્ષથી ઉજવવામાં આવતી ભગવાન વિશ્વકર્માની જયંતીની ચાલુ વર્ષે પણ ઉજવણી કરવામાં આવી હતી. હાલોલ શહેરની મધ્યે આવેલા તળાવ કિનારે આવેલા અને પંચાલ સમાજની કુળદેવી મા ચામુંડાના મંદિરે કરવામાં આવેલી ઉજવણીમાં સવારે મોટી સંખ્યામાં એકત્ર થયેલા ભગવાન વિશ્વકર્માના પૂજકો જોડાયા હતા. સવારે યજમાન દ્વારા ભગવાનની પૂજા કરવામાં આવી હતી અને બપોરે પૂજા બાદ ભગવાનની શોભાયાત્રા નગરમાં ફરી હતી. ભગવાન વિશ્વકર્માને વાસ્તુકલા અને શિલ્પકલાના પ્રણેતા અને યાંત્રિક એન્જિનિયરિંગના દેવતા ગણાતા માનવામાં આવે છે. ત્યારે પંચાલ સહિત રચરચીલાનું કામ કરતા સુથાર સહિત બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા અનેક લોકો ભગવાન વિશ્વકર્માની આજના દિવસે પૂજા કરતા હોય છે. આજે હાલોલના પંચાલ સમાજ દ્વારા દર વર્ષની જેમજ ધામધૂમથી ભગવાનની પૂજા કરી શોભાયાત્રા કાઢી હતી. સાંજે વિશ્વકર્મા પૂજકો સાથે મહાપ્રસાદી લેશે. ભગવાનના ગુણગાન અને ભજનો સાથે નગરમાં નીકળેલી શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. નગર આ નીકળેલી શોભાયાત્રા પુનઃ ચામુંડા માતાજીના મંદિરે પધારી હતી.

## સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા અને ITI ગોધરા ખાતે લો કોલેજ ગોધરાના વિદ્યાર્થીઓ દ્વારા કાયદાની શિબિર યોજાઈ



ગોધરા,

સમગ્ર કાર્યક્રમ માર્ગદર્શન લો કોલેજ ગોધરાના આચાર્ય ડો.અપુર્વ પાઠક અને NNS યુનિટ પી.ઓ. ડો.સતીષ નાગર તથા એંઓવસનના અગ્રણી ડો.કૃપા જયસ્વાલ તથા ડો.અર્ચના યાદવ તથા ડો.અમિત મહેતા હતા.

જેમાં કરણસિહ પટેલ દ્વારા પોકસો, એમ.વી.એકટ, સાઈબર ક્રાઈમ, ગુજરાત સરકારના ટોલ ફ્રી નંબરો વિશે માહિતી આપી. અન્ય સાથી વિદ્યાર્થીઓ દ્વારા મફત કાનૂની સહાય, બાળકોના અધિકાર, મહિલાઓના અધિકાર અને મૂળભૂત ફરજો વિશે સમજાવ્યુ હતું.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન ખૂબ સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા તથા સાર્વજનિક કોમર્સ કોલેજના આચાર્ય સોલંકી, સ્નેહાબેન વ્યાસ અને આઇ.ટી.આઇ ગોધરામાં, પારેખ, હિનાબેન તથા સ્ટાફ પરિવાર તથા વિદ્યાર્થીઓનો ખુબ સારો સાથ સહકાર મળ્યો હતો.